

# શ્રેષ્ઠ શાળા ડોક્યુમેન્ટ

# નવાનદીસર પ્રાથમિક શાળા

તાલુકો : ગોધરા, જીલ્લો : પંચમહાલ

BLOG : NVNDSR.BLOGSPOT.COM EMAIL : nvndsr1975@gmail.com


અમારું ધ્યેય વાક્ય : **શ્રેષ્ઠ શાળાથી શ્રેષ્ઠ સમાજ અને શ્રેષ્ઠ સમાજથી શ્રેષ્ઠ રાષ્ટ્રનું ઘડતર**

અમારો અભિગમ : **વિષય નહિ વિદ્યાર્થી મહત્વનો છે !**




http://nvndsr.blogspot.com

**➔ શાળાની પૃષ્ઠભુમી : નવા નદીસર પ્રાથમિક શાળા, પંચમહાલ જીલ્લાના ગોધરા તાલુકામાં આવેલી છે. ગોધરાથી ૩૦ કિલોમીટર રોડ માર્ગથી જોડાયેલ શાળાનો નકશો :**




- **ઐતિહાસિક પૃષ્ઠભુમી :**

ગામનું નામ નદીસર....વર્ષ હતું..૧૯૭૩...ભાદરવા સુદ તેરસ ..ગામની જીવાદોરી સમાન મહીસાગર નદી માં આવ્યું પૂર! જે દીવાલ રક્ષણ માટે હતી તેજ તૂટી પડી...ગામ આખું પાણી પાણી..તાત્કાલિક તો ગામના તમામ લોકોને નજીકના ઉંચાણવાળા ગામ મોરવામાં આશરો આપવામાં આવ્યો પણ લાંબાગાળાના ઉકેલ માટે શું? કુદરત ફરી રુઠી શકે! તે સમયે નિર્ણય લેવાયો કે ગામના તમામ લોકો માટે નવી જગ્યાએ ગામ વસાવવું...ગામ વસાવવા માટે જગ્યા પસંદ કરી નદીસર ગામની નજીક આવેલી ગોચર તરીકે વપરાતી..પડતર જમીન. યુધ્ધના ધોરણે કામગીરી શરુ કરાઇ..ટાટા બિરલા કંપની ને ગામનું બંધારણ અને નવા મકાનો બનાવવાનું કામ આપવામાં આવ્યું. ૧૯૭૪ માં પડતર જમીનમાં જાણે પ્રાણ ફુકાયો.. જ્યાં ઝાડી ઝાંખરા હતા ત્યાં આજે આધુનિક ઢબે બનેલું ...કાટખૂણે ડીઝાઇન કરેલું ગામ હતું. અને તે ગામ એટલે **અમારું નવાનદીસર..** તે જ વર્ષે શ્રી કે. કે. વિશ્વનાથન દ્વારા અહી પ્રતીતાત્મક રીતે ઉદઘાટન થયું. નદીસરના જે લોકોના ઘર તૂટી ગયા હતા તેમના માટે સિમેન્ટના નાના ક્વાટર્સ અને જેમના ઘર સારી હાલતમાં હતાં તેમને અહી મકાન બનાવવા માટે જમીન ફાળવવામાં આવી.. ૧૫૦ જેટલા મકાનો ફાળવ્યા પણ નદીસર જે અહીંથી લગભગ બે કિલોમીટર દુર આવેલું છે...વળી ખેતીથી ગુજરાન ચલાવતા લોકોને પોતે ખેતીથી દુર થઇ જશે એમ લાગ્યું એટલે કેટલાય લોકો અહી રહેવા જ ન આવ્યા..!! ફક્ત જેમની પાસે નદીસરમાં ખેતી લાયક જમીન ન હતી તેવા કુટુંબો અને શેરોના મુવાડા ગામના લોકો કે જેમના ખેતરો અહીંથી નજીક પડી શકતા હતાં..તેવા ૬૦ કુટુંબોએ અહી રહેવાનું શરુ કર્યું.. એમ શરુ થયું અહી લોકોનું જીવન..

શિક્ષણનો પણ વિચાર થયો જ હોય..વળી જયારે,જ્યારે ૧૦૦૦૦ જેટલી વસ્તી અહી રહેવા આવશે એવી ગણતરી પણ હતી, ગામની નજીકમાં આંગણવાડી, પ્રાથમિકશાળા તથા હાઇસ્કૂલ બને તેટલી જમીન ફાળવી પણ..


**જયારે,જ્યારે બધા લોકો જ રહેવા ના આવ્યા ત્યાં એટલા મોટા સંકુલનું શું?**

**૬ ઓરડાવાળી નવાનદીસર પ્રાથમિક શાળા અસ્તિત્વમાં આવી. તારીખ હતી : ૧૮/૦૮/૧૯૭૫ !**

૮૧૮ વસ્તી ધરાવતા આ ગામના લોકો પર કોઈ અંકુશ નહોતો.. સૌ પોતાના ક્વાટર્સ છોડી બીજી જગ્યાઓ પર મકાન બનાવવા લાગ્યા..કોઈ રોકનાર તો હતું નહિ. થોડા વર્ષોમાં જ ગામનું સ્વરૂપ બદલાઈ ગયું. આયોજનપૂર્વક બનેલું ગામ હતું પણ હવે ફક્ત કેટલાક સારા મકાનો અને બાકીના ઝૂપડા એવો ઘાટ ઘડાઇ ગયો!

**આ જ નવા નદીસર આજે તેની પ્રાથમિક શાળા માટે થઇ ‘એક’ બન્યું અને ગુજરાતના ખૂણે ખૂણે જાણીતું પણ બન્યું છે.**


## ❾શાળાનો નકશો



➔શાળાની ભૌતિક સુવિધાઓ અને તેની વિશેષ બાબતોની વિગતો નીચે મુજબ છે.

| સુવિધાનું નામ | ફોટોગ્રાફ્સ | ઉપયોગની વિશેષતા |
|---|---|---|
| વર્ગખંડો |  | શાળા ૯ વર્ગખંડોમાં ખુરશી,ટેબલ અને બુટ ચંપલ ને દાખલ થવાની મનાઈ છે. |
| કોમ્પ્યૂટર |  | કોમ્પ્યુટર લેબમાં સમાવિષ્ઠ ૧૧ કોમ્પ્યુટર પૈકી ધોરણ ૧ થી ૪ માં પ્રજ્ઞા સપ્તરંગી પ્રવૃત્તિ ખંડમાં તથા ધોરણ ૬ ૭ અને ૮ માં એક એક કોમ્પ્યુટર શૈક્ષણિક નિદર્શન માટે ફાળવેલ છે, તેમજ લેન કરેલ પાંચ કોમ્પ્યુટર કાર્યાલયમાં રાખી બાળકોને કોમ્પ્યુટરનું પ્રાથમિક શિક્ષણ અને પ્રોગ્રામ શીખવવામાં આવે છે. |
| પુસ્તકાલય |  | શાળામાં પુસ્તકાલયનું સંચાલન બાળ પુસ્તકાલય સમિતિ ધ્વારા કરવામાં આવે. જેમાં ધોરણ ૫ થી ૮ નાં બાળકો સમિતિના સભ્યો તરીકે હોય છે, એક શિક્ષક માર્ગદર્શક તરીકે કાર્ય કરે છે. દરેક બાળક નામ નોધાવી રીશેષમાં પુસ્તક મેળવી શકે છે, અને દર શનિવારે પુસ્તક જમા કરવામાં આવે છે.બાળક વાંચેલ પુસ્તકની વિશેષતાઓ મોર્નિંગ અને ઇવનિંગ એસેમ્બલી દરમ્યાન રજુ કરે છે. |
| ગ્રીન હોલ |  | શાળાના પ્રાર્થના સમારંભથી શરુ થઇ બાળકોની સામુહિક પ્રવૃતિઓ મધ્યાહ્ન ભોજન , ઉત્સવ ઉજવણીઓ કરવા માટે આ હોલનો ઉપયોગ કરવામાં આવે છે. |
| સેનિટેશન |  | કુમાર અને કન્યા માટે અલગ અલગ શૌચાલયની સુવિધાઓ છે. જેમાં પાણીની સુવિધા, શૌચાલય ના ઉપયોગીતા માટેના સૂચનો, જરૂરી સિમ્બોલ વડે માર્ગદર્શન મળે તેવું આયોજન, તથા વીજળીકરણની સુવિધા ઉભી કરેલ છે. |

| | | |
|---|---|---|
| એક્વા ટાવર |  | શાળામાં ઝાયલમ કંપની ધ્વારા એકવા ટાવર ની સુવિધા મળેલ છે, જેના ધ્વારા કલોરીનેશન વાળું ફિલ્ટર થયેલું પાણી મળી રહે છે. બાળકો ધ્વારા સંચાલિત આ ટાવરને અઠવાડિક બાળકો વડે જ  કલોરીનેશન કરવામાં આવે છે. |
| વોટર હાર્વેસ્ટિંગ |  | વોટર હાર્વેસ્ટિંગ અંતર્ગત વરસાદના નકામા વહી જતા પાણીનું યોગ્ય આયોજન થયેલું છે, જેમાં કુલ ૧૦૦૦૦ લીટર પાણીનો સંગ્રહ કરી તેનો ઉપયોગ બાળકો હાથપગ, ડીશ તથા બાગ બગીચામાં કરવામાં આવે છે. |
| પ્રકાશ પક્ષીઘર |  | શાળામાં શિક્ષક સહકાર વડે શાળા માટે ખુબ જ કાર્ય કરનાર બદલી થઇ ગયેલ પ્રકાશભાઈ કિશોરભાઈ પટેલના સમ્માનમાં તેમના નામે પક્ષીઘર નું નિર્માણ કરેલ છે. જેમાં બાળકો ધ્વારા અઠવાડિક એકવાર દીવાસળીના ખોખામાં ચણ લાવી નાખવામાં આવે છે. |
| શુઝ રેક |  | વર્ગખંડોમાં બુટ ચંપલની નો એન્ટ્રી તો પછી તેને ક્યાં મુકવા ? – આના વિકલ્પ રૂપે શાળા ભવન બહાર શુઝ રેક ની વ્યવસ્થા ઉભી કરેલ છે, જેમાં બાળકો શિક્ષકો સહીત તમામ તેનો ઉપયોગ કરે છે. |
| એમ્ફિ થીયેટર |  | BALA અંતર્ગત ઉભી થયેલી આ સુવિધાનો ઉપયોગ બાળકોને પ્રયોગ નિદર્શન કરાવવા તેમજ બાળકો ફ્રીના સમયમાં લખવા બેસવા કરે છે, શાળા સ્ટાફની મોટાભાગની અનૌપચારિક બેઠક પણ અહીં જ મળતી હોય છે. |
| ઇકો ક્લાસ |  | શાળામાં જે ભાગ વૃક્ષો વડે આખો દિવસ ઢંકાયેલો રહે છે ત્યાં શાળા પરિવારે ઇકોક્લાસનું આયોજન કરેલ છે. ઇકોક્લાસ ગાયના છાણ માંથી લીંપી એવી રીતે બનાવેલો છે કે શિક્ષક તેના પર બાળકો સાથે બેસી કોઈ મુદ્દા પર ચર્ચા - સંવાદ યોજી શકે છે. |
| વાંચન વાટિકા | | બાળકે શાળા પુસ્તકાલયમાંથી મેળવેલ પુસ્તક અથવા ફુરસદના સમયમાં વાંચન કરવું હોય તો |

| | | |
|---|---|---|
| |  | શાળામાં એક એવો પ્લોટ ઉભો કરવામાં આવ્યો છે કે જ્યાં બાળકો બેસીને નિરાંતે વાંચન કરી શકે. તેમાં પાટલીઓ ગોઠવી વાંચન માટેની યોગ્ય વ્યવસ્થા ઉભી કરેલ છે, નોંધ-: પુસ્તક સાથે જ વાંચન વાટિકામાં પ્રવેશ છે -: આ અમે નહિ , વાટિકામાં ઉભો ચાડિયો કહે છે. |
| પાર્કિંગ |  | શાળામાં પ્રવેશતાં જ એક વિભાગમાં શાળામાં સાયકલ લઇને આવતાં બાળકો માટે અડચણ ન ઉભી થા ય અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પાર્કિંગ પ્લોટનું આયોજન કરેલ છે. જેમાં ફક્ત બે પૈયા વાહનો માટે જ પ્રવેશ છે. નોધ-: કાર પાર્કિંગ ફરજિયાતપણે કમ્પાઉન્ડ બહાર કરવામાં આવે તેનું ધ્યાન રાખવામાં આવે છે. |
| |  | |
| | | |

- **અધ્યયન અધ્યાપન પ્રક્રિયામાં નિવિનિકરણ**

## તણખા મંડળ


IFP
G-Shala









## કોંગલોમ











Conglom @nvndsr


Lagaan Movie Best Scene | LAGAAN Cricket Match Scene
G-Shala

## થિંકિંગ રૂટિન 😇







## ➔Building As Learning Aid



















☺ **વિદ્યાર્થીઓની સંખ્યા**

| ધોરણ | અનુ.જાતિ | | અનુ.જ.જાતિ | | બક્ષીપંચ | | અન્ય | | કુલ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | કુમાર | કન્યા | કુમાર | કન્યા | કુમાર | કન્યા | કુમાર | કન્યા | કુમાર | કન્યા | કુલ |
| બાલવાટિકા | 0 | 0 | 3 | 1 | 11 | 11 | 1 | 1 | 15 | 13 | 28 |
| પહેલું | 0 | 0 | 1 | 1 | 1 | 1 | 0 | 0 | 2 | 2 | 4 |
| બીજું | 0 | 0 | 4 | 2 | 16 | 18 | 0 | 0 | 20 | 20 | 40 |
| ત્રીજું | 0 | 1 | 4 | 1 | 26 | 11 | 5 | 6 | 35 | 19 | 54 |
| ચોથું | 0 | 1 | 7 | 4 | 14 | 15 | 1 | 2 | 22 | 22 | 44 |
| પાંચમું | 1 | 1 | 1 | 3 | 27 | 13 | 2 | 0 | 31 | 17 | 48 |
| બાલવાટિકા + ( ૧ થી ૫ ) | 1 | 3 | 20 | 12 | 95 | 69 | 9 | 9 | 125 | 93 | 218 |
| છઠ્ઠું | 1 | 3 | 4 | 2 | 24 | 19 | 2 | 1 | 31 | 25 | 56 |
| સાતમું | 3 | 1 | 1 | 2 | 25 | 12 | 4 | 3 | 33 | 18 | 51 |
| આઠમું | 0 | 0 | 3 | 3 | 15 | 23 | 4 | 4 | 22 | 30 | 52 |
| ૬. થી ૮ | 4 | 4 | 8 | 7 | 64 | 54 | 10 | 8 | 86 | 73 | 159 |
| કુલ એકદરે | 5 | 7 | 28 | 19 | 159 | 123 | 19 | 17 | 211 | 166 | 377 |

- શાળાના ભાવાવરણમાં સૌથી વધુ અસરકારક એવી શાળાની "નાગરિક ઘડતર" પ્રવૃત્તિ







શાળાકીય પર્યાવરણમાં સૌથી મહત્વનો કોઈ હોય તો તે બાળક છે. માટે શાળાનું ભાવાવરણ બાળકેન્દ્રી કરવાનો પ્રયત્ન કર્યો છે. જે અંતર્ગત શાળાકીય સુવિધાઓ ઉભી કરવાની વાત હોય કે અભ્યાસિક અથવા સહભ્યાસિક પ્રવૃત્તિઓની ની વાત હોય, કે પછી શાળામાં વિશેષદિન કે વારતહેવાર ની ઉજવણીની વાત હોય – બાળકોના હાથમાં સંચાલનનો દોર સોપાયેલો છે. બાળકોને માહિતી પીરસવા કરતાં માહિતી શોધવા માટે મથામણ કરે તે જ શિક્ષણ પદ્ધતિ વધારે મહત્વની છે. તે માટેના સ્ત્રોતો તેની સામે ઉભા કરવા તે જ એક શિક્ષક અથવા તો માર્ગદર્શકનું પાયાનું કામ છે. – તેવું શાળા પરિવારનું માનવું છે. સમગ્ર શાળાના સુચારુ સંચાલન માટે શાળાને  સાત ભાગમાં અને ધોરણ ત્રીજાથી આઠમા સુધીના બાળકોને સાત ગ્રુપમાં વહેંચેલા છે. દરેક ગ્રુપ લોકશાહી ઢબે પોતાના લીડરને ચૂંટે છે. લીડર કુમાર હોય તો એક કન્યા ઉપ લીડર તરીકે વર્તે છે. બંનેની આગેવાની હેઠળ આખું જૂથ એક ટીમ તરીકે પોતાને ફળવાયેલ કામગીરીમાં જોડાય છે. ઉદાહરણ તરીકે જોઈએ તો …




**પ્રાર્થના સંમેલનની કામગીરી** – જેમાં બાળકો પ્રાર્થના સંમેલન માટેની જગ્યાની સફાઈ, જરૂરી પાથરણાં પાથરવા અને વાળી લેવા, વાજિંત્રો લાવવા – વગાડવા અને યોગ્ય જગ્યાએ પાછા ગોઠવી દેવા – સમાચાર પત્ર મેળવી લઇ આજના સમાચારમાં નોધ કરવી અને તેને રજુ કરવા, જૂથના જ અલગ અલગ બાળકો વડે યોગિક ક્રિયા, ભજન ધૂન , સુવિચાર, જાણવા જેવું – વગેરે રજુ થાય તેનું આયોજન કરવું – તે જ જૂથની એક ટીમ આજના ગુલાબ નક્કી કરી નોધ કરે – આજના દિપક માટે કાર્ડ તૈયાર કરી અભિનંદન આપવા માટેનું આયોજન કરવું – સાંજે છુટતા સમયની સભાનું સંચાલન કરવું – કામગીરી બોલાવવી – કાલ માટેની કોઈ સુચના

પાણી સાથે જોડાયેલું ગ્રુપ બાળકોને પીવા માટેનું કલોરીનેશન વાળું પાણી અને અન્ય વપરાશ માટેનું પુરતું પાણી  મળી રહે તેનું આયોજન કરે છે, શાળા બહાર જવું પડે તેવી મુશ્કેલીઓમાં માર્ગદર્શક શિક્ષકની મદદ લેવાય છે.

- **મધ્યાહ્ન ભોજન સાથે જોડાયેલ ગ્રુપ** – બાળકો માટે બેસવાની જગ્યાને યોગ્ય કરે છે, બાળકોને હાથ ધોવા અને લુંછવા માટે સાબુ અને નેપકીન જે તે જગ્યાએ ઉપલબ્ધ કરાવે છે, અને જરૂરિયાત પૂરી થતાં તેને ચોક્કસ સ્થાને મૂકી દે છે. ગ્રુપના સભ્યો બાળકોને સ્વચ્છ ડીશ મળે તે માટેનું આયોજન કરે છે, જમી રહ્યા પછી બાળકો પોતાની ડીશ સારી રીતે સ્વચ્છ કરીને જ પરત કરે તેનું ધ્યાન રાખે છે, બાળકોએ વધેલ ખોરાક નાખેલ કચરા પેટીને યોગ્ય જગ્યાએ ઠાલવી દઈ તેનો નિકાલ કરી જમેલ જગ્યાની સફાઈ કરે છે, - દર બુધવારે બાળકોને આયર્ન ની ટેબ્લેટ આપી બાળકો ગળે તેનું ધ્યાન રાખે છે. દરેક વર્ગશિક્ષક પોતાના વર્ગખંડના બાળકોને બેઠકમાં બેસાડવા વ્યવસ્થામાં મદદ કરે છે.


એક પખવાડિયા બાદ બાળ સંસદ ની બેઠક થાય છે, કયા ગ્રુપે કેવી કામગીરી કરી એટલે કે બાળકો ધ્વારા કામગીરીની ખામીઓ અને ખૂબીઓની ચર્ચા થાય છે. અને અંતે તે પખવાડિયા ના શ્રેષ્ઠ ગૃપ માટે મતદાન થાય છે. પછીથી **જે** તે ગૃપોનું કામગીરી વિભાગ બદલાઈ જાય છે.

આ ઉપરાંત શાળામાં :

- આજના ગુલાબ જેમાં બાળકો જ દરેક વર્ગમાંથી એક સ્વચ્છ બાળકને પસંદ કરે છે.
- આજના દીપક જેમાં જેનો જન્મ દિવસ હોય તેને શુભેચ્છા અને તેના મિત્ર તેના વિષે વક્તવ્ય આપે છે.
- ખોયા-પાયા માં જેને કોઈ વસ્તુ મળે તે બોક્ષમાં મુકે અને જેની ખોવાઈ હોય તે તેમાંથી મેળવે છે.
- ગાંધી હાટ જેમાં બાળકો જાતે જ પૈસા મૂકી વસ્તુ લે છે.
- વિષય મુજબના પ્રોજેક્ટ
- વિશેષ દિનની ઉજવણી
- હેલ્થ કોર્નર જેમાં બાળકો માટે નેઈલ કટર, કાંસકો અને અરીસો સાથે ફસ્ટ એઇડ બોક્સ, વજન, ઉંચાઈ માટેની સુવિધા
- કિચન ગાર્ડન પ્રવૃત્તિ અંતર્ગત મધ્યાહ્ન ભોજનની બાજુમાં જ વિવિધ શાકભાજી નું વાવેતર, તે માટેની પ્રક્રિયાની બાળકોને સમજ અને મળેલ શાકભાજીનો મધ્યાહ્ન ભોજનમાં બાળકો માટે ઉપયોગ
- ઔષધી બાગ અંતર્ગત બાળકો પોતાની આસપાસ ની વનસ્પતિઓ પૈકી ઔષધ તરીકે ઉપયોગી વનસ્પતિને ઓળખી શકે તે ઉદેશ્ય સાથે એક વાટિકામાં અલગ અલગ પ્રકારના ઔષધીનું વાવેતર
- યોગ શિક્ષણ માટે નિયમિતપણે પ્રાર્થના સંમેલનમાં સમય મર્યાદામાં અને બાળકો સરળતાથી કરાવી અને કરી શકે તેવા યોગાસન, પ્રાણાયામ અને મુદ્રાઓનો સમાવેશ
- અક્ષયપાત્ર પ્રવૃત્તિ અંતર્ગત બાળકો ઘરેથી પક્ષીઓ માટે ચણ લાવી એક પાત્રમાં નાખે છે,જેને સમયાન્તરે જે તે જૂથના બાળકો પક્ષીઘરમાં નાખે છે
- બાગબાની હેઠળ વિવિધ પ્રકારના ફૂલ, વેલા , ક્ષુપ, છોડ, વિવિધ પ્રકારના ફળાઉ ઝાડ રોપેલ છે - તેની ઓળખ અને ઉછેર અંગેની સમજણ

➔**ગુણોત્સવ પરિણામ** :

શાળાનો અભિગમ છે કે “વિષય નહિ, વિદ્યાર્થી મહત્વનો” કારણકે “વિષયો બાળકો માટે બન્યા છે, આપણા બાળકો વિષયો માટે નહિ !” એટલે એમના જીવનમાં જરૂરી શિક્ષણને વધુ મહત્વ અપાય છે છતાં પ્રવૃત્તિ દ્વારા શિક્ષણથી એમની પ્રતિભા ગુણોત્સવના પરિણામમાં છલકે જ છે.




** ૨૦૦૯ થી ૨૦૧૩ સુધી ગુણોત્સવનું માળખું સમાન હતું અને ત્યારબાદ માળખામાં ફેરફાર થયેલ છે.

**➔શાળામાં આઈ.સી.ટી. :**

શાળાની યાત્રામાં ટેકનોલોજી ટેપરેકોર્ડરથી શરૂ થઇ. રીસેસ ટાઈમમાં વિવિધ નાટકો રેકોર્ડ થતા અને તાસમાં વિદ્યાર્થીઓને સંભળાવતા. અમારી એ સફરમાં ક્રિકેટની કોમેન્ટ્રી અને ફિલ્મી ગીતોને આધારે પ્રશ્નોત્તરી પણ ખરી. ટી.વી. આવતાની સાથે તેના પર વિધાન સભા અને સંસદ જેવી વર્ચ્યુઅલ મુલાકાતો શરૂ થઇ. અત્યારે કોમ્પ્યુટર અને મોબાઈલ એ અમારા ધારદાર સંસાધન છે. લેબમાં સ્પીકર્સનો ઉપયોગ એક બીજાને ખલેલ પહોચાડતો હોઈ તેના બદલે હેડ ફોન વસાવેલ છે. ધોરણ ૬-૭-૮મ અને પ્રજ્ઞા સપ્તરંગીના વર્ગમાં એક એક કમ્પ્યુટર શિફ્ટ કર્યું જેથી તે વર્ગમાં જ કમ્પ્યુટરની મદદથી શીખી શકે. તેની જાળવણીની જવાબદારી પણ બાળકોએ એ જ ઉપાડી લીધી છે.
જેમાં અમે ટૂંકા પડીએ એવી બાબતો વિદ્યાર્થીઓ યુ ટ્યુબની મદદથી પણ શીખે છે. ૨૦૦૮ અમારી પ્રવૃતિઓનું ડોક્યુમેન્ટ કરવાના હેતુથી શરૂ કરાયેલો બ્લોગ, શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે તેમના એક વક્તવ્યમાં વખાણ્યો અને અમને સમજાયું કે “ધીસ ઈઝ અ સીરીયસ બીઝનેસ !” નિયમિત લખવાના ઉદેશ્યથી ૨૦૧૦ માં શાળાએ “બાયોસ્કોપ” નામનું ઈ-મેગેઝીન શરૂ કર્યું ! તે ત્યારે ૩૫૦૦ જેટલા વાચકો સુધી પહોચે છે. શાળાની યુટ્યુબ ચેનલ પરના શૈક્ષણિક વિડિયોઝ માટે ૨૨,૦૦૦ થી વધુ વ્યક્તિઓ ચેનલ સબસ્ક્રાઈબ કરી છે. તેના વિડિયોઝ નિહાળવાની સંખ્યા ૮૧ લાખથી વધુ છે. શાળાનો અલગ વોટ્સેપ નંબર ૭૦૪૩૭૧૮૮૭૫ પરથી અમે શૈક્ષણિક લેખ મોકલી વિચાર વલોણું કરીએ છીએ.

આમ, પંચમહાલ જીલ્લાના એક નાનકડા ગામની પ્રાથમિક શાળા અત્યારે જુદા જુદા માધ્યમોથી જોડાઈને રાજ્ય, દેશ અને વિદેશથી સતત પ્રેરણા અને માર્ગદર્શન મેળવે છે, ઘણી પ્રવૃતિઓ માટે તે અન્ય શાળાઓ માટે દીવાદાંડી પણ બની છે !

અમારા ઈ-સરનામાં નીચે મુજબ છે :

- **Blog : http://nvndsr.blogspot.com**
- ✆ **WhatsApp : 70 4 37 18875**
- ✆ **Email : nvndsr1975@gmail.com**
- **Facebook : https://facebook/navanadisar**
- **Youtube : http://www.youtube.com/user/nvndsr1975**
- ☑ **Twitter: https://twitter.com/nvndsr**

**સમાજ સાથે સેતુ :**

શાળાને ગામ સાથે જોડવી એ અમારી પ્રાથમિકતા હતી. તેમાં અમે મહદ અંશે સફળ થયા છીએ. અમારો ધ્યેય હતો કે અહી શિક્ષણ મેળવ્યા બાદ તેમના પગ અહીની જ ધરતી સાથે જોડાયેલા રહે અને તે એના માતા-પિતા પ્રત્યે હીનતાની નજરે ના જુએ. તે બાબત માટે તેમને એવા કામ સોંપાતા જેમાં તેમને તેમના માતા પિતાની મદદની જરૂર પડે.
જેમ કે: ભાષા અંતર્ગત તેમને તેમની માતા/દાદી પાસેથી લગ્નગીતો સાંભળી લખી લાવવા કહેવું. તેમના દાદા પાસેથી લોક ભજન કે જે ક્યાંય છપાયા ના હોય તે લખવા અને શાળામાં ગાવા માટે કહેવું. ગામનો ઈતિહાસ ગામના વડીલો જ કહે તેવું આયોજન.

- નફો-ખોટ-સરવાળા-બાદબાકી ગુણાકાર માટે ગામમાં જઈ વિવિધ વસ્તુઓના ભાવ પૂછી લાવવા અને તેના આધારે વર્ગમાં જુદી જુદી ગાણિતિક પ્રક્રિયાઓ કરાવવી. સ્થાનિક વાતાવરણને લગતા પ્રોજેક્ટ વર્ક, રૂબરૂ મુલાકાત જેથી સ્થાનિક વાતાવરણની સમજ મેળવી શકે અને પોતાના ગામનાં વ્યવસાય- વ્યક્તિઓ વિશે જાણે. વડીલવર્ગ માટે માન અને આદરની લાગણી જન્મે એ માટે આ પ્રોજેક્ટ ખુબ જ લાભદાયી નીવડ્યા છે. ગ્રાહક જાગૃતતા હેતુ સંદર્ભે સકલ્પના સ્પષ્ટીકરણ માટે અંગ્રેજી ભાષામાં ઓથેન્ટિક મટીરીયલ પ્રોજેક્ટ દ્વારા અને ગણિતમાં વ્યવહારુ કોયડાઉકેલ દ્વારા સમજ સ્પષ્ટ થતા વિદ્યાર્થીઓ વસ્તુઓનું ખરીદી વખતે ચોક્કસ બન્યા અને પોતાના વાલીઓને પણ એ બાબતે જાગૃત કર્યા . ગ્રામજનો સમક્ષ શિક્ષણની જાગૃતતા લાવવા એકપાત્રીય અભિનય રજુ કરવા સાથે ગ્રામજનો વડે ઉજવાતા તહેવારોમાં તેમના રીત રસમ મુજબ ભાગીદારી કરી ચર્ચા કરવાથી અમે ગામ અને શાળા વચ્ચે મજબુત સંબંધ બાંધ્યો છે.

## ❾ લોક સહયોગ :

| અ.ન. | દાન/વસ્તુનું નામ | રકમ | વર્ષ | કેવી રીતે? |
|---|---|---|---|---|
| 1. | રોકડ રકમ | ૭૦૦૦ | ૨૦૦૪ | શાળાના રંગરોગાન માટે સાંસ્કૃતિક કાર્યક્રમ કરી. |
| 2. | સમય દાન | - | ૨૦૧૦ થી નિયમિત | ગ્રામજનો દ્વારા શાળાના ઇકો ક્લાસનું લીપણ |
| 3. | વિદ્યાર્થીઓને લખવાની જવાબવહી | - | ૨૦૧૩ થી ૨૦૧૭ | જીગ્નેશભાઈ તરફથી દર વર્ષે |
| 4. | પુસ્તકો | - | ૨૦૧૫ | બ્લોગ જોઈ રાજેશ્રીબેન મોકલાવ્યા |
| 5. | પાન્ડા રમત | - | ૨૦૧૬ | બ્લોગ જોઈ પુનાથી આવેલ સારંગ પાટીલે પરત ગયા બાદ મોકલાવી |

| | | | | |
|---|---|---|---|---|
| 6. | પુસ્તકો | | ૨૦૧૬ | સોશિયલ મીડિયા પર ફોટોગ્રાફ જોઈ વિજયભાઈએ મોકલાવ્યા |
| 7. | શુદ્ધ પાણી માટે એકવા ટાવર | | ૨૦૧૬ | બ્લોગ જોઈ પુણે મહારાષ્ટ્રની એક એન.જી.ઓ. એ સંપર્ક કરતા તેના દ્વારા ઝાયલેમ કંપનીના સહયોગથી |
| 8. | સમય દાન | | ૨૦૧૭ | શાળાના સભાખંડમાં લીપણ માટે ગ્રામજનો દ્વારા |

### ❾ શાળા વ્યવસ્થાપન સમિતિ :

શાળામાં શાળા વ્યવસ્થાપન સમિતિ SMC – School Management Committee કાર્યરત છે. અવારનવાર શાળામાં સદર સમિતિની બેઠક મળે છે. જેમાં ચર્ચા વિચરણના અંતે સર્વસંમતિથી શાળા વિકાસલક્ષી કાર્યક્રમ અંગેના કામો હાથ ધરવામાં આવે છે. શાળાની ભૌતિક સુવિધા ઉપરાંત ગુણવત્તાલક્ષી શિક્ષણ માટે સદર મંડળ અતિ ઉપયોગી જણાયેલ છે જેના થકી ૧૦૦ % નામાંકન અને પ્રવેશનાં લક્ષ્યને છેલ્લાં દસ વર્ષથી હાંસલ કરતાં આવ્યા છે. SMC દ્વારા લેવામાં આવતી શાળા મુલાકાત એમનાં સૂચનો અને ખાસકરીને વેકેશન અને રાજાના દિવસો દરમ્યાન શાળાના પરિસરની જાળવણી અને દેખરેખ માટે સમર્પિત ભાવ ઉભો કરી શકયા છીએ. શાળા અને ગામની જોડતી કડીરૂપ **"વોટ્સેપ ગ્રુપ"** – આપણું નવા નદીસર બનાવેલ છે. જેમાં વર્ચ્યુઅલ રીતે તમામ શાળાના પ્રશ્નો અંગે પોતાના મંતવ્યો આપે છે. આ પ્રવૃત્તિ માટે શાળાના શિક્ષક શ્રી એસ.આર.માલીવાડને ઇનોવેટીવ ટીચર એવોર્ડ પણ મળેલ છે.

### ❾ વિવિધ સ્પર્ધાઓ :

- માતૃભાષા દિનની ઉજવણીમાં ભાષા ક્વીઝ
- માતૃભાષાનું મહત્વ અંગે ચર્ચા સભા
- ભાષા આપણી ભેરૂ શીર્ષક હેઠળ વિવિધ સ્ટોર ઉભા કરી દરેક સ્ટોરમાં – વાર્તા લેખન/કથન/ નાટકો/ ભાષા રમતો/ ગાન જેવી પ્રવૃતિઓનું આયોજન
- વિજ્ઞાન દિનની ઉજવણી
- મતદાર જાગૃતિ ક્વીઝ
- બાળ અધિકાર જાગૃતિ ક્વીઝ
- કાવ્યગાન સ્પર્ધા
- નિબંધ લેખન સ્પર્ધા
- વાર્તા કથન સ્પર્ધા
- કૃતિ પ્રકાર પરિવર્તન
- આ ઉપરાંત રાષ્ટ્રીય પર્વ પૂર્વે વિવિધ ક્રાંતિકારીઓનો મોનોલોગ તૈયાર કરવી ૧૫ દિવસ જ જુદા ક્રાંતિકારીનો શાળાને પરિચય અને પર્વ દિને તેનું જ પરફોર્મન્સ

### ❾ One Team One Mission :

અમે શાળાનું એક વોટ્સેપ ગ્રુપ "NVNDSR – Second Home" બનાવ્યું છે – જેમાં આજના દિવસની ચર્ચા અને કાલે શું કરીશું તેનું આયોજન થતું રહે છે. જેથી અમારા શિક્ષણમાં નીચે જેવા ગુણ વિકસ્યા છે.

- કયા એકમને કઈ પદ્ધતિથી વિદ્યાર્થીઓ સાથે કાર્ય કરવું, કયા સાહિત્યનો ઉપયોગ કરવો એનું પૂર્વ આયોજન.
- મારાં વર્ગનાં શૈક્ષણિક કાર્ય દરમ્યાન સૌપ્રથમ હેતુ ને સ્પષ્ટ રીતે સમજી એ હેતુને સિદ્ધિ કરવા માટે વર્ગખંડ વ્યવહાર અને પ્રવૃત્તિનું આયોજન.
- પ્રવૃત્તિ દરમ્યાન વિદ્યાર્થીઓ સાથે કઈ ચર્ચા કરવી, પ્રવૃત્તિ બાદ કયા ચિંતનાત્મક પ્રશ્નોતરી કરવી જેથી એકમ વધુ સ્પષ્ટ કરી શકાય જેનું આયોજન.
- "શીખવવા" કરતાં "શીખતાં કરવાનો" ધ્યેય
- વર્ગમાં દરેક બાળકોનાં બાળમાનસનો અભ્યાસ કરી શિક્ષણ કાર્ય તમામ બાળકોને ઉપકારક નીવડે તે માટે સતત પ્રયત્નશીલ રહું છું અને એ મુજબ આયોજન
- નિદાનાત્મક અને ઉપચારાત્મક શિક્ષણકાર્ય દ્વારા બાળકોનાં શૈક્ષણિક સ્તર અંગે પૂર્વભૂમિકા બનાવી શૈક્ષણિક કાર્ય
- વિષય અને એકમને અનુરૂપ શૈક્ષણિક પર્યાવરણમાં બાળકોની સહભાગીદારી માટે તૈયારી
- કોમ્પુટર અને ઈન્ટરનેટનાં  માધ્યમથી તથા શૈક્ષણિક સાધનોના ઉપયોગ દ્વારા વિદ્યાર્થીઓને શૈક્ષણિક કાર્ય આપવા અંગે આગોતરું આયોજન હાથ ધરી શૈક્ષણિક કાર્ય
- મૂલ્યલક્ષી શિક્ષણ અને જીવન કૌશલ્ય શિક્ષણ સંદર્ભે વિષયાંગને અનુલક્ષીને વાસ્તવિક અનુભવ જેમકે, ડ્રામા, સ્ટેચ્યુ, રમત, સંદર્ભ વાર્તાઓ, ઉદાહરણો, ચિંતનાત્મક પ્રશ્નોતરી દ્વારા ચર્ચા
- પરસ્પર પ્રશ્નોતરી તથા ક્વિઝ દ્વારા બાળકોને સ્વયં જ્ઞાન ચકાસણીની તક
- બાળમનોવિજ્ઞાનને સતત ધ્યાનમાં રાખી નિદાન-ઉપચાર થાકી સમૃદ્ધિકરણ તરફનું મૂલ્યાંકન

## ❾શાળાની સિધ્ધિઓ :

- સમગ્ર શાળાને સાંકળતી **"નાગરિક ઘડતર"** નો પ્રોજેક્ટ જેમાં વિધાર્થીઓ એક બીજા સાથે જોડાઈને લોકશાહી ઢબે કાર્ય કરે છે. જેમાં શાળાનું સમગ્ર સંચાલન વિદ્યાર્થીઓની મરજીથી થાય અને શાળાના મહત્વના નિર્ણયો વિદ્યાર્થીઓ કરી શકે તેવી વ્યવસ્થાનો પ્રોજેક્ટ અમલમાં છે, આ પ્રવૃત્તિ માટે શાળાને રાષ્ટ્રપતિ ભવન, દિલ્હી ખાતે "સૃષ્ટિ સન્માન" .
- શાળાના હેડ ટીચરને પંચમહાલ જીલ્લાના શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક-૨૦૧૫/૧૬ મળેલ
- શાળાના બે શિક્ષકો પટેલ ગોપાલકૃષ્ણ એસ. અને માલીવાડ શાંતિલાલ આર. ને ઇનોવેટીવ ટીચર તરીકેનો એવોર્ડ
- તાલુકા કક્ષાના ગણિત વિજ્ઞાન પ્રદર્શનમાં શાળા દ્વિતીય ક્રમે.
- સતત દસ વર્ષથી કન્યા ખો ખો અને ગોળાફેંકમાં ક્લસ્ટર કક્ષાએ પ્રથમ અને તાલુકા કક્ષાએ દ્વિતીય સ્થાન, વર્ષ ૨૦૧૬માં યોગાસન અને ગોળાફેંકમાં શાળાના બાળકોએ જીલ્લા કક્ષાએ ક્રમાંક મેળવેલ ..
- શાળા સ્વચ્છતા એવોર્ડ ૨૦૧૬/૧૭ માં શાળા પ્રથમ ક્રમે

- શાળાના માળખું અને કાર્ય આયોજન ને સમજવા માટે તાલુકા જીલ્લા અને રાજ્ય કક્ષાના અધિકારીશ્રીઓ તથા શિક્ષકોની મુલાકાત; વર્ષ ૨૦૧૭માં ટીમ ઉત્તરપ્રદેશ અને અમેરિકાની એક ટીમની શાળા મુલાકાત આ ઉપરાંત રાજ્ય તથા રાષ્ટ્ર કક્ષાની યુનિસેફની ટીમની મુલાકાત
- આઈ.આઈ.એમ, અમદાવાદ દ્વારા રાષ્ટ્રપ્તીશ્રીની હાજરીમાં યોજાયેલ “નેશનલ ક્રિએટીવીટી વર્કશોપમાં શાળાના વિદ્યાર્થીઓને સ્થાન
- દિવ્યભાસ્કર, ગુજરાત સમાચાર, ગુજરાત મિત્ર અને DNA વગેરે વર્તમાન પત્રોમાં આર્ટીકલ સ્વરૂપે શાળાની વિવિધ પ્રવૃત્તિઓની નોંધ
- વિવિધ બ્લોગ અને વેબસાઈટ પર શાળાકીય પ્રવૃત્તિઓની ચર્ચા
- માનવ સંશાધન વિકાસ મંત્રાલય, દિલ્હી ધ્વારા શાળાની વિડીયો ડોકયુમેન્ટરી અને તેનો દેશભરમાં પ્રચાર
- ગુજરાત રાજ્યની શિક્ષણની સાફલ્યગાથાની વિડીયોગ્રાફીમાં શાળાને સ્થાન



# Let there be more 'masti ki pathshalas'

MINDS ON THE MARGIN

ANIL GUPTA

*The author is a professor at IIMA, anilgb@gmail.com*

It is well known that in many states, economic development does not always lead to educational development. Why should ranking on economic and social indicators vary so much? One reason, I have repeatedly mentioned over last two decades, top level policy makers don't spend enough time, not even one hour a week with outstanding achievers of their department. Not only that they don't listen to them, they don't even try to learn lessons from the efforts of self-inspired, self-motivated grassroots functionaries. I am optimistic though. I will tell you about a primary school teacher from Panchmahals who has made the school a joyful place where children hold teachers accountable for their conduct, not just the other way around.

If a teacher comes late to class, students are encouraged to ask an explanation and the teacher is obliged to explain. If students are on ground, should teacher sit on chair? Not in this school, he sits on the ground too. Are subjects designed for students or students have to fit subjects? Disregarding highly competitive spirit, children are encouraged to study subjects they like more, though others subjects are also taught. All these and a lot many other ideas have been tried at Nava Nadisar Primary School, Panchmahals. If you think your children can better exposure to exploring nature by hiking in the jungle, sitting around a lake, and making useful things out of waste material only in a private school, then look up its website, **www.nvndsr.blogspot.in** and also a film at **https://www.youtube.com/user/nvndsr1975/videos.** Educational experiments which worked and which did not are given at this site.

Rakesh Patel, teacher at this school published an e-magazine bioscope which is circulated among at least 3,000 readers. Many readers from around the world contribute their design and developmental skills and resources for the school. There is a science lab in the school. The children are taught through experimentation. Every place in the school is a part of learning environment. It is obvious not all the skills can be taught only by teachers. There are traditional as well as contemporary knowledge systems in which farmers, old dada and dadis are much more proficient. Rakesh and his colleagues, principal and other community members ensured that school children remain charged with hope and joyfulness.

Why cannot every school become 'masti ki pathshala', a school of joyfulness? What do we need to do bring back children from private schools to government school by making them a place of envy. One step in this direction has already been taken by many teachers in the school, Chetan Patel informs, they admit their children to the same school. Is not it ironic that children of ministers, MPs, MLAs, secretaries, and other officials apart from educational department bureaucracy are not admitted to government school. This act by itself will bring the revolutionary transformation in state school system. We are going to have a children creativity workshop organised by Honey Bee Network as a part of Third Festival of Innovation, March 4-12, at Rashtrapati Bhavan, New Delhi. We have invited bright children from government schools from different parts of the country to do research about the unmet social needs and devise solutions. Let us hope that creative teachers will spur creative children and vice versa to make education for the disadvantaged community members a liberating, empowering and democratic tool for seeking their share of the sky.



સ્માર્ટ હોય કે સરકારી શાળા, શિક્ષકને ભણાવવું હોય, વિદ્યાર્થીને ભણવુ હોય તો કોઈ ફરક ના પડે

# શિસ્ત હોય પણ ડર નહીં : નવા નદીસરની મસ્તી કી પાઠશાલા

**શિક્ષકો- વાલીઓનું વોટ્સ એપ, ફેસબુક ગૃપ અને બ્લોગ પણ ખરો પણ બધી ચર્ચા શાળા સમયબાદ સાંજે ૫.૩૦ પછી કરવાની : શાળા સમયમાં બિલકુલ નહી : શાળામાં યોજાતા વિવિધ શૈક્ષણિક- સાંસ્કૃતિક કાર્યક્રમો હોય કે નિબંધ લેખન કે પ્રવાસમાં ગયા હોય ઐતિહાસિક ધરોહરની સમજ આપવાની હોય વિદ્યાર્થીઓને સ્થાન પર લઈ જઈ શિક્ષક જાતે વેશભૂષા ધારણ કરી પ્રેક્ટીકલ તાલિમ આપે : ગણિતનું જ્ઞાન ઘેરઘેર જઈ સર્વે કરાવવા મોકલી શીખવાડાય છે. : ગામ વિશે નિબંધ લખવા ગામની તમામ ગામોની નોંધ લખી અનુભવો શેર કરી મોકલાય છે**

શાળા સમય સિવાય વિદ્યાર્થીના ઘેર જઈ તેની હાજરીમાં વાલી સાથે ચર્ચા કરી સમસ્યાના ઉકેલ લાવતા

## ? મસ્તી કી પાઠશાલા – કેમેરાની નજરે !


નવા નદીસર પ્રાથમિક શાળા
08-06-17 18:16


25-02-17 09:48







18-07-17 10:37


20-03-17 07:16


17-07-17 16:40






Angry
30-12-16 13:20